ગ્રાહક મહિલાએ સેન્ટર જઈ વીડિયો ઉતારતા સંચાલકે રૂપિયા પરત કર્યા

વલસાડમાં બ્લીન્ક ઈટના ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરમાંથી મંગાવેલા બ્રેડમાં ફૂગ નીકળી

વીડિયોના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સેન્ટર પરથી ખાદ્ય પદાર્થોના નમૂના લીધા

। વલસાડ ।

વલસાડની મહિલા ગ્રાહકે બ્લીન્ક ઈટ ઓનલાઈન એપ મારફતે ગતરાત્રે ૯-૩૦ વાગ્યે સેન્ડવીચ બ્રેડના પેકેટનો ઓનલાઈન ઓર્ડર નોંધાવ્યો હતો. ડિલીવરી બોય દ્વારા ડિલીવરી કરાયેલા બ્રેડનું પેકેટ ખોલીને મહિલાએ જોયું તો પેકેટમાં બે બ્રેડ સિવાયના અન્ય તમામ બ્રેડમાં ફૂગ લાગી ગઈ હોવાનું જણાતા મહિલા ચોંકી ઉઠી હતી. ઓનલાઈન ન ચોસરી શોપના વિક્રેતાઓ દ્વારા ગ્રાહકોના જાહેર સારોચ્ચ સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હોવાને લઈને રોષે ભરાયેલ મહિલા ગ્રાહક બ્લીન્ક ઈટના ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર

ખાતે જઈને ફરિયાદ કરવાની સાથે હોબાળો મચાવી દીધો હતો. મહિલાનો રોષ પારખીને સેન્ટરના સંચાલકે બ્રેડના પેકેટની કિંમત પરત કરી દીધી હતી. આ સમગ્ર ઘટનાક્રમનો વરિયોબનાવીને મહિલા ગ્રાહકે સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. વિડીયો સાથે ફરિયાદ મળતા વલસાડ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર કુ. બી.કે. પટેલ અને ટીમે બ્લીન્ક કૉમર્સ પ્રા.લી.ના વલસાડના તિથલરોડ પર આવેલા ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર ખાતે જઈ તપાસ હાથ ધરી હતી. અધિકારીએ ફરિયાદવાળી સુપર કસ્ટવેશ સેન્ડવીચ બ્રેડના નમુના લીધા હતા. આ ઉપરાંત પેઢીમાં વેચાણ માટે મુકાયેલા બેટર -ચુટ્ટીમન બાજરા આંટા અને પતંજલી ગ્રાઉન્ડ નટ ઓઈલના નમુનાએ લઈને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવ્યા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે તેમ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના સૂત્રમ્રે જણાવ્યું હતું.

પારડીમાં ઘરેથી નીકળેલો ૧૭ વર્ષીય યુવક પાણી ભરેલા ખાડામાં મૃતાવસ્થામાં મળ્યો

ગંગાજી ફળિયા નજીક રેલવે પરિસરમાં પાણી ભરેલા ઊંડા ખાડામાં ડૂબી ગયો

। વાપી ।

પારડી તાલુકાના કોટલાવ ગામના દાદરી મોરા ફળિયામાં રહેતા સંજય કાંતિભાઈ નાયકાનો ૧૭ વર્ષીય પુત્ર દીપ નાયકા રહસ્યમય રીતે ગુમ થયા બાદ બીજા જ દિવસે પાણી ભરેલા ઊંડા ખાડામાંથી મૃત હાલતમાં મળી આવતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, દીપે તાજેતરમાં જ ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી હતી અને બીલીમોરા આઈ.ટી.આઈ.માં પ્રવેશ લીધો હતો. તા. ૩ ઓગસ્ટની રાત્રે આશરે ૮ વાગ્યે તે ગામમાં આંટો મારીને આવું છું તેમ કહી ઘરેથી નીકળ્યો હતો. જોકે મોડી રાત સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ મિત્રો અને સંબંધીઓમાં શોધખોળ શરૂ કરી હતી. તમામ પ્રયાસો છતાં કોઈ ભાળ ન મળતાં પિતા સંજય કાંતિભાઈ નાયકાએ પારડી પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન, બુધવારની સવારે કોટલાવ-ઉમરસાડી રોડ પર આવેલા ગંગાજી ફળિયા નજીક રેલવે પરિસરમાં માટી ખોદવાથી બનેલા પાણી ભરેલા ઊંડા ખાડામાંથી દીપનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં યુવકે પાણીમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ કાયદેસરની તપાસ શરૂ કરી છે. આ કરુણ ઘટનાએ કોટલાવ ગામ સહિત સમગ્ર પારડી પંથકમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટુ એનિમલ્સ દ્વારા ગોશાળાનું સંચાલન

સેલવાસની ગૌશાળા માત્ર દાનવીરોના ભરોસે ગૌવંશ સહિતના પશુઓ કુપોષણનો શિકાર

૧૫ કામદારોને ૮-૯ મહિનાથી પગાર મળ્યો નથી, કાર્યવાહી કરવા પ્રશાસન સમક્ષ રજૂઆત

। વાપી ।

દાદરા અને નગર હવેલીના સેલવાસમાં સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટુ એનિમલ્સ દ્વારા સંચાલિત ગૌશાળા અત્યારે અત્યંત દયનીય અને ગંભીર આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહી હોવાનું જાણવા મળ્યુ છે. ગૌશાળામાં રાખવામાં આવેલ અંદાજે ૫૫૦ થી વધુ નાના મોટા અબોલ જીવો (ગાયો અને વાછરડાઓ) ની હાલત ' પેટ ભરીને ખાવા મળતું નથી અને ભૂખે મરાતું નથી' જેવી બની ગઈ છે.

ગૌશાળાની જરૂરિયાત મુજબ રોજનો ૫ ટનથી વધુ ખોરાક અને ઘાસચારો ઉપલબ્ધ હોવો જોઈએ તેની સામે એટલી જ માત્રાનો ખોરાક ત્રણ-ચાર દિવસ સુધી ખેંચવામાં આવી રહ્યો છે. પશુઓને પેટપૂરતું ખાવાનું ન મળતા કુપોષણ અને નબળાઈનો શિકાર બની રહ્યા છે. એસપીસીએ તંત્ર દ્વારા પૂરતું ધ્યાન કે આર્થિક સહાય પૂરી પાડવામાં આવતી ન હોવાનું જીવદયા ગ્રુપનું કહેવું છે. હાલ માત્ર

સ્થાનિક દાનવીરો અને પશુપ્રેમીઓ દ્વારા આપવામાં આવતો ઘાસચારો જ આ ૫૫૦ થી વધુ અબોલ જીવો માટે એકમાત્ર સહારો બની રહ્યો છે.

જિલ્લા પ્રશાસનને આ બાબતે નૈતિક કે વહીવટી જવાબદારી સ્વીકારવી પડશે, નહીં તો ક્યાં સુધી દાનવીરોના ભરોસે આવું ચાલશે? ગૌશાળાની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, અહીં દિવસ-રાત નિઃસ્વાર્થ ભાવે ગાયોની સેવા કરતા ૧૨થી ૧૫ જેટલા કામદારોનો જૂનો અને નવો મળી કુલ ૯ મહિનાથી પગાર બાકી છે. આર્થિક ભીંસ વચ્ચે કામ કરતા આ કામદારોની હાલત પણ અત્યંત કફોડી બની ગઈ છે.

જિલ્લા પ્રશાસન તાત્કાલિક આ મામલે હસ્તક્ષેપ કરે અને એસપીસીએ દ્વારા ગૌશાળાને ક્રાયમી ધોરણે પૂરતો ખોરાક અને આર્થિક ગ્રાન્ટ ફાળવવામાં આવે તે ખુબ જરૂરી છે. જો જિલ્લા પ્રશાસન ગૌશાળાનું સંચાલન કરવા અસમર્થ હોય તો, કોઈ સેવાભાવી સંસ્થાને અંહું સંચાલન સોંપી દેવું જોઈએ તેવું જીવદયા ગ્રુપનું માનવું છે. આ અગાઉ કોઈ એક ખાનગી અને સેવાભાવી ટ્રસ્ટ દ્વારા ખુબ સારી રીતે સંચાલન કરવામાં આવતું હતું. જેમાં કોઈ પણ પ્રકારની ફરિયાદો ન હતી. સમય સમય પર લીલા અને સૂકા ચારાની વ્યવસ્થા થતી હતી. જે હાલમાં જોવા નથી મળતું. પરિસ્થિતિ વધુ વિકટ બને તે પહેલાં જિલ્લા વહીવટી તંત્ર પાસે તાત્કાલિક અને સંવેદનશીલ પગલાં ભરવાની આશાઓ વ્યક્ત થઈ રહી છે.

સેલવાસમાં દિવ્યાંગોને સહાય સામગ્રી વિતરણ

। વાપી ।

સેલવાસ સ્થિત રેડક્રોસ સ્કૂલની બાજુમાં આવેલા 'વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલ' કેન્દ્ર ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા ૪ અને ૫ ઓગસ્ટના રોજ દિવ્યાંગજનો માટે બે દિવસીય સહાય સામગ્રી વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૩૫ દિવ્યાંગ લાભાર્થીઓને ટ્રાઈસ્કેલ, ચાલવાની લાઠી સહિતની જરૂરી સહાયક સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સેલવાસ પાલિકાના અધ્યક્ષ સોમનાથ પાટીલ અને મસાટ પંચાયતના સરપંચ શૈલેશા પટેલના હસ્તે લાભાર્થીઓને સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંતોનું અને સનાતન ધર્મનું અપમાન કરનાર સામે સંત સમાજમાં આક્રોશ

। વલસાડ, વાપી ।

નવી દિલ્હીમાં ગત તા ૩૧મી જુલાઈના રોજ સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિપક્ષના નેતા રાહુલ ગાંધી, અખોયાના સાંસદ અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ સહિતના સમર્થકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનાથી વિપક્ષી નેતાઓએ સંત સમાજ અને સનાતન ધર્મનું અપમાન કર્યું હોવાની લાગણી વલસાડ જિલ્લા સંત સમાજેવ્યક્ત કરી વલસાડનાસર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરીષદ યોજી હતી.

જ્યાં ઉપસ્થિત સંતો રવિદાસ મહારાજ, રામ સ્વામી મહારાજ, વિશ્વ હિન્દુપરિષદના સહ મંત્રી નિલેશભાઈ પટેલ જિલ્લા મંત્રી



રાકેશભાઈ રાણા અને પરેશભાઈ જાની સહિતના કાર્યકરોએ વિપક્ષી નેતાઓના ફુત્યને વખોડી કાઢ્યું હતું. ત્યાર બાદ વલસાડ જિલ્લા કલેકટર મારફતે દેશના મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધિત કરતુ આવેદનપત્ર સુપત કર્યુ હતું જેમાં આ કૃત્ય કરનાર વિપક્ષના નેતાઓનું સાંસદ તરીકે સભ્યપદ રદ કરવા અને તેમની સામેકડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે. સંસદ પરિસરમાં વિપક્ષે સનાતન સંસ્કૃતિના અપમાન મુદે સેલવાસ કલેકટરને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા પ્રેરણા ઉત્સવ અને વાર્ષિક સ્નેહમિલન

। વલસાડ ।

શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ વલસાડ, ચીખલી અને વાંસદા દ્વારા મહિલા પ્રેરણા ઉત્સવ અને વાર્ષિક સ્નેહમિલન સમારંભ વલસાડના ઓપ્થલમલર ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ખોડલધામના ટ્રસ્ટી અને મહિલા આગેવાન જેનીબેન ઠુમ્મરે જણાવ્યું કે, દેશ અને રાજ્યની સફળ મહિલાઓ તેમના જીવનમાં પસ્ત પરિશ્રમ કરીને આગળ આવી છે.

સમાજની બહેનો અને દિકરીઓની પ્રતિભા, નેતૃત્વ ક્ષમતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળે તે માટે આવા કાર્યક્રમો જરૂરી છે. પારડી નગરપાલિકાની ચીફ ઓફિસર કોમલબેન પનેચા જણાવ્યું કે, સમાજમાં પરિવારની ભાવના સાથે બહેનો આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓથી થકી આગળ આવી છે. તેમાં તેમની માતાઓનું પણ મહત્વનું યોગદાન છે. તે માટે માતાઓને પણ સન્માન આપવું જરૂરી છે.

આ પ્રસંગે તેજસ્વી તારલાઓનું સન્માનપત્ર આપી સન્માન કરાયુ હતું. સમાજના ટ્રસ્ટી નિકુંજભાઈ કયાડ્રાએ સમાજ દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી. સમારંભમાં વાપી સમાજના પ્રમુખ નાનુભાઈ બાંભરોલીયા, અગ્રણી દિપકભાઈ ગુંદલીયા, દિનેશભાઈ સુદાણી, નિકુંજભાઈ કયાડ્રા, જીતભાઈ રંગાણી, હેમલબાઈ સાવલીયા વગેરેએ હાજરી આપી હતી.

સંદેશ વાપી, વલસાડ, નવસારી સંદ્યપદેશ આવૃત્તિ માટે

બેસણું દુઃખદ અવસાન શ્રદ્ધાંજલિ

૫ x ૬ (૩૫ ચો.સેમી.) ફિક્સ સાઈઝના

ફક્ત રૂા. 700/-

વધારાના ચો.સેમી.ના રૂા. ૨૫/- (૧૦ x ૬ ચો.સેમી. સુધી) તેનાથી વધારે ચો.સેમી. માટે આગળ પ્ર.પ.મી. કાર્ડ રેટ લાગશે

વાપી, સંપ્રદા : સિદ્ધિ સોક : ૦૨૬૦૨૬૭૭૭, ૦૨૬૦૨૬૭૭૭
વલસાડ : ભાગવતીબેન : હોમ : ૦૨૭૦૨૩, ૦૨૬૦૨૬૬૨૧૬
નવસારી : સ્નેહા એજન્સ : ૦૨૭૭૫ ૩૬૨૩૦
ગ્રીષ્મીબેન : શ્રી સાંઈકૃપા એજ : ૦૨૭૭૫ ૦૬૬૦૮
ઉમરગામ : તલાટી એજ : ૦૨૬૬૩ ૧૧૦૩૮
સીલોન : ૨૩૩૨૧૧૧૧
વાંસદા : કમાર એજ : ૦૨૬૬૮ ૧૨૧૧૧, ૦૨૬૦૦૬૧૧૧
ચીખલી : શ્રીલેખાબાઈ સોમ. પટેલ : ૦૨૬૪૦ ૮૪૭૦૦
ધરમપુર : જયરાજ : શ્રી પોલ બ્રુશ સેન્ટર્સી : ૦૨૬૩૦૧૬૬૮
ગણદેવી : જય ડાકર એજન્સ : ૦૨૬૬૭ ૧૪૮૨૩

સુરત ઓફિસ : ૦૨૬૧-૪૦૮૦૦૩૪, ૪૦૮૦૦૦૦

નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે

ટેન્ડર નોટિસ (ટૂંકી મુદતની નિવિદા)

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે સમગ્ર શિક્ષા નવસારી સંચાલિત બી.આર.સી. ગણદેવીનું બે ઓરડાનું જુનું મકાન તોડી કાટમાળ લઈ જવા સહિતના ભાવો મંગાવવામાં આવે છે. બંધ કવરમાં રૂા. ૧૦,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ રાષ્ટ્રીયકૃત બેન્કનો **BRC BHAVAN GANDEVI** ના નામનો અવશ્ય ભિડાણ કરવાનો રહેશે. ભાવ પત્રક કચેરી સમય દરમ્યાન મેળવી શકાશે. ભાવ પત્રક લઈ જવાની અંતિમ તારીખ ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યા સુધીનો રહેશે. ભાવ પત્રક જમા કરાવવાની અંતિમ તારીખ ૧૯/૦૮/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યા સુધી રહેશે. ભાવ પત્રક ખોલવાની તારીખ ૨૧/૦૮/૨૦૨૬ ના રોજ સમય બપોરે ૧૧:૦૦ વાગ્યાનો રહેશે. ભાવ પત્રક કચેરી સમય દરમ્યાન કચેરીમાં રૂબરૂ જમા કરાવવાનું રહેશે. ભાવ પત્રક મંજૂર કરવા/ન કરવાની સત્તા બી.આર.સી. કચેરી ગણદેવીની અબાધિત રહેશે. જે બાબતે કોઈ પણ કારણ દર્શાવવામાં આવશે નહીં. આની શરતો સ્થળ પર વંચાઈ સંભળાવવામાં આવશે. ભાવ પત્રક ફી રૂપિયા ૧૦૦/- રોકડા (નોન રિફંડેબલ)

નોંધ:-અધુરી વિગતો વાળું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

સ્થળ:-બી.આર.સી.ભવન, ગણદેવી, તા. ગણદેવી, જી. નવસારી.

બી.આર.સી.કો. ઓર્ડીનેટર
બી.આર.સી. ગણદેવી

બેંક ઓફ બરોડા, રીજન્લ ઓફિસ મહાલક્ષ્મી ટાવર, પલ્લી માળ, તિલક રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : recovry.bulsar@bankofbaroda.co.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (નૂલ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી બધા કર્જદાર(રો) તથા જામીનદાર(રો) તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોરીટી રીષ્ટારેસ્ટ ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોરીટી રીષ્ટારેસ્ટના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/રોની લત્રુરાત માટે **"જ્યાં છે", "જે છે" અને "એમ છે" "આકસ્મ વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. ઇવાદાર(રો)/ જામીનદાર(રો)/ સિક્યોરીટી મિલકત(તો)/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇશ્તેહારી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર(રો) / જામીનદાર(રો) ના નામ અને સરનામા	ગણાવેલ હોય, જે લોટ દીઠ તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાની પ્રકારૂ	રૂકમ ભરી દેવાની	ઈ.મેલ કોન્ટેક્ટ ઓફ સી ઓફીસર (લોટ) ઈ. સેલ તૂટેલ તારીખ
1	ગોલવડ	**શ્રી વિનિત કુમાર સિંહ** **બીમાની મોટર ઈન્સ્યુરન્સ સિંહ** ડી-૧, ફ્લેટ નંબર ૧૦૧, ૧ઠ્ઠી માળ, મધુબન સોસા, જુહુગામ, મર્ગ, સ્થા. વાપી, ગુજરાત – ૩૯૬૧૬	'મધુબન સોસા' તરીકે ઓળખાતી "ડી-૧" કમ્પલ્સરી છઠ્ઠા માળે આવેલા ફ્લેટ(ફ્લેટ)નો-એરિયા નં. ૧૦૮ ના તે ભાગ કુઠ્ઠા અને બાલ્કનીનું બનાવ નીકળે જે બનાવના ૧૫.૩૩ ચોરસ મીટર કાર્પેટ વિસ્તાર, ૩.૩૩ ચોરસ મીટર બાલ્કનીનો વિસ્તાર અને ૩.૮૮ ચોરસ મીટર ઓપન વિસ્તારવાળા ફ્લેટ તે. આ કામકાજ કર્યે ન. ૮૬૮ (જૂની સર્વે નં. ૬૨૬/૧/૩) ની બિન-ખેતી જમીન પર બાંધવામાં આવી છે, જે કુલ ૧૮,૨૦૦ ચોરસ મીટર જમીન વિસ્તારમાંથી અવાજે ફાળવેલ મોરટ્રેજ મીટર છે. (બાલ્કનીનું ક્ષેત્ર ચોરસ મીટર જમીન સ્ટ્રાયમાં પણ છે), ગામ.,તાલુકાર્ય, જિલ્લો વલસાડ, ગુજરાત ,ભારત ખાતે સ્થિત, બાંધા કરો, સ્થિત, પ્રતિબંધક વગેરે સાથે બીમાની મીલિક્ત સિક્યોરીટી છે, ઉપલ્બ્ધ ફ્લેટ નીચે મુજબ રીતેના દરેકને છે:-પૂર્વ: ફ્લેટ નં. ડી-૧૬,૧૭ દ્વારા, પશ્ચિમ: ફ્લેટ નં. ડી-૧૩,૧૪ દ્વારા, ઉત્તર: ફ્લેટ નં. ડી-૧૫,૧૬ દ્વારા, દક્ષિણ: ફ્લેટ નં. ડી-૧૧,૧૨ દ્વારા,	રૂ. ૨૦,૩૨,૧૩૫.૦૦/- ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૩૯,૧૫,૦૦૦/- ૨. ડૉ. ૩,૯૧,૦૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
2	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૮૦૦	**વિનોદકુમાર દિનાની** **બીમાની વિનિત વિનોદ દિનાની** એક બોમ્બ ૧ બાબતી કાર્યસૂચિમાં કોલોની આવતી વિલવાના દ્વારા અને બાકર હવેલી ૩૬૧૨૩૦ **આ પણ :** ફ્લેટ નં. ૩૦૧, ત્રીજો માળ, વિલ્કોનિ નં. એલાયમ, દમણવાડા કેસીઓની ફેઝ-૧, તુલસી વીંટા કેસીઓનીની સાથે, ભરિલા પાર્ક રોડ, દમણ	ગણાવેલ હોય, જે લોટ દીઠ તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાની પ્રકારૂ	રૂકમ ભરી દેવાની	ઈ.મેલ કોન્ટેક્ટ ઓફ સી ઓફીસર (લોટ) ઈ. સેલ તૂટેલ તારીખ
3	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**કમલાબે સુકુર્ન સોન** ફ્લેટ નંબર ૧૦૨, ગ્રાઉન્ડ ફ્લોર, સીટ વિંગ, પ્રસ્કાઉટ્સબિલ્ડર, સોમનાથ વિલાસ ક્રમ્પ્રોમન, વિલાવાના દાવી રોડ, વાપી, દાદરા અને નગર હવેલી – ૩૬૧૨૩૦ **આ પણ :** ફ્લેટ નં ૧૦૨, સીટ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રસ્કાઉ કોમ્પલેક્ષ વાપી , વિલવાના, ૩૬૧૩૦	દાદરા અને નગર હવેલીના ગ્રામ આવળીમાં સર્વે નંબર ૨૧૪/૨ ના સિત ઉલ્લોક કોમ્પલેક્ષ તરીકે ઓળખાતી કમ્પલ્સરી સીટ વિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલાં બનાવેલા ફ્લેટોક ફ્લેટ નંબર ૧૦૨ અને ત્રુટ્ઠ કરે અને પાર્કિંગ, ટાઇલ્સ સ્ટ.૪૬ ચોરસ મીટરનું બાંધકામ કરેલ છે.	રૂ. ૩,૯૫,૬૬૮.૨૫/- ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૧૧,૧૦૦/- ૨. ડૉ. ૬૬,૧૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
4	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**જયશ્રીબેન રાજુભાઈપટેલ** **બીમાની કમલા જયશ્રીબેન રાજુભાઈપટેલ** ફ્લેટ નં. ૩૦૩ , ૩ જો માળ, વિલ્કોનિ નં. બી, ઈલેગાન્ટ કેસીઓની, બર્નીક રો એન્ડ કાર્નેલ સોસાયટી લિમિટેડ વિલવાના વાપી રોડ વાપી દાદરા અને નગર હવેલી ૩૬૧૩૦ **સી ટી સ્કેન** ,ડ્યુલ્ટ્રા સોમોલેક્ષ સામેની દમણ ફ્રીમાન સી દાદરા ભારતહવેલી દાદરા નગર હવેલી ૩૬૧૩૦	રૂ. ૧૧,૧૧,૦૧૮.૦૧/- ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૧૧,૧૩,૦૦૦/- ૨. ડૉ. ૧,૧૧,૩૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
5	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**શ્રી રેવાબા માલતી બેહુલ** **બીમાની મોહિની રેવાબા બેહુલ** ફ્લેટ નં. ૩૦૮, ૩ જો માળ, વિલ્કોનિ નં. પી ઈલેગાન્ટ કેસીઓની ચર્ચાઈ સી સોપ કાર્નેલ સોસાયટી લિમિટેડ વિલવાના વાપી રોડ વાપી દાદરા અને નગર હવેલી ૩૬૧૩૦	ઈલેગાન્ટ ફ્લેટ નં. ૩૦૮ બીજા માળનું મકાન વી, ફોલ્યાઝમ કેસીઓની સર્વે નં. ૧૧૭/૧ ઈલેટ સર્વે નં. ૧૧૭/૨ નાના બનાવી તાલુકો સેલ્વિ વિલવાના દાદરા અને નગર હવેલી વિસ્તારની વિલવાના વાપીમાં આવેલ ત્યાના બી વિલવા માલિકે ગુરાતી અને બીમાની મોહિની વિલવા ગાયુઓની માલિકીનો છે. (**સંકલિત કબજો**)	રૂ. ૧૩,૧૪,૮૫૮.૦૦/- ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૧૧,૩૧,૦૦૦/- ૨. ડૉ. ૧,૧૩,૬૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
6	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**નીલેશ કુમાર કુકો** **બીમાની પુનિતા દેવી** એક ૧૦ બલોક કોમ્પલેક્ષ સામેની વિલવાના દાદરા નગર હવેલી દાદરા અને નગર હવેલી ૩૬૧૩૦ ફ્લેટ નં. ૧૦૩ , ૧ જો માળ, રીવા કોમ્પ્લેક્ષ, ભણિયાના કોર્ટ, વાપી વિલવાના કુમા મર્ગ, સામેની, વિલવાના	ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ દાદરા અને નગર હવેલીના વિલવાના ગામની સિત-કૃષિ જમીન ધરાવતી સર્વે નં. ૧૧૬૧/૧/૨ અને ૨૦૬૦ મોરટ્રેન મીટરની સિત-કૃષિ જમીન પર આવેલાં બનાવેલી "રીયલ કાશ્મરા" તરીકે ઓળખાતી રાખેલા ખાતે ધરાવેલ એકાર કુઠ્ઠ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) ની સિત-કૃષિ જમીન પર ૩૧૩ ચો ચરસ મીટર કુઠ્ઠ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) ની સિત-કૃષિ જમીન પર ૩૧૩ ચો ચરસ કુઠ્ઠોનો ભાગ વાપીની પુનિતા દેવીના નામે છે.	રૂ. ૩૦,૦૮,૫૮૮.૮૮/- ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૩૦,૩૮,૦૦૦/- ૨. ડૉ. ૩,૦૩,૦૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
7	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**શ્રી સંજય કુમાર પરમાર** ફ્લેટ નંબર ૩૬૦-૩૬/ ૩૪, ઉમરસાડી કેસીઓની ચર્ચાઈ સી સોપ કાર્નેલ સોસાયટી લિમિટેડ વિલવાના વાપી રોડ વાપી, વિલવા : વલસાડ ગુજરાત-૩૯૬૧૮. **શ્રી કુકુલેંદ્ર વાય શાહ (જામીનદાર)** ઇલ નં. ૩૬૦૧/૩૪), નાના ફળિયા નાહીની વિલવાના ૩૯૬૧૮	ફ્લેટ પર ફ્લેટ નં. ૦૩ ના તમામ કુઠ્ઠાઓ, જે ઉમરસાડી કેસીઓની - એલ- ૩૬ તરીકે ઓળખાતી સમાજના ૫૮.૩૩ ચોરસ મીટર જેટલા ૧૦૦ ચોરસ ફુટ તુલ્ય નિવટ અને જેટલા ૩૩ ટકા ભાગ ધરાવતા વિલવાના ગામ - ૩૬૧૩૦ ના સર્વે નં. ૮૧૩૦ ની એક એકર જમીન પર બાંધવામાં આવેલ જ્ય ૦૦ ચોરસ મીટર નાનિબિલ્ડિંગ વાપીના વિલવાનો હિસ્સો પણ છે.	રૂ. ૯,૧૬,૫૮.૦૩ ૩૧.૦૭.૨૦૨૬ મુજબ	૧. ડૉ. ૯,૧૬,૦૦૦/- ૨. ડૉ. ૩,૦૦,૦૦૦/- ૩. ડૉ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અવધિદિન વધારા સહિત)
8	વિલવાના વાપી મેઈન રોડ ૮૧૮૮૮૮૦૦	**કમાર મોહોબત મિલ્કાની** ફ્લેટ નંબર ૧૦૧ પહેલો માળ, કામનાથ કોમ્પ્લેક્ષ વિલવાના ફળિયા નાહીની વિલવાના ૩૬૧૩૦	ફ્લેટોક વિલવાનો સાવરી ખાતે જ દાદરા, વાલાડા અને દાદરા, ફ્લેટ નં. ૧૦૧ ટોટલ કેટ્સિનિક ૩૦૩ ચો. ફૂટ (નિવટ ત્રણ એકિકા), ૪૩૩ ચો. ફૂટ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) અને ફ્લેટ નં. ૧૦૧ ટોટલ કેટ્સિનિક ૬૧૩ ચો. ફૂટ (નિવટ ત્રણ એકિકા) અને ૩૯૫ ચો. ફૂટ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) ફ્લેટ નં. ૧૦૧ ટોટલ કેટ્સિનિક ૧૩૩ ચો. ફૂટ (નિવટ ત્રણ એકિકા) અને ૩૯૫ ચો. ફૂટ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) ફ્લેટ નં. ૧૦૧ ટોટલ કેટ્સિનિક ૧૩૩ ચો. ફૂટ (નિવટ ત્રણ એકિકા) અને ૩૯૫ ચો. ફૂટ (કુલ્ય નિવટ ત્રણ એકિકા) વિલવાના અને તેની તેમની તાલુકાના સ્ટ્રેસ્ટોક હેતુ